# AmulFed Dairy

A UNIT OF GUJARAT CO-OPERATIVE MILK MARKETING FEDERATION LIMITED

(PREVIOUSLY KNOWN AS MOTHER DAIRY, GANDHINAGAR)


## પરચેઝ ઇન્કવાયરી

એ.એફ.ડી: પીયુઆર: એઆરઆર: ઇએનકયુ: ૦૨૨

તારીખ: ૧૦/૦૯/૨૦૧૮

સાહેબશ્રી,

અમૂલફેડ ડેરી, તેના પ્લાન્ટ માટે તાજા શાકભાજી પૂરા પાડવાનો વાર્ષિક કોન્ટ્રાકટ આપવા માંગે છે. તે માટે નીચેની શરતોને આધીન/ બંધનકર્તા રહી આપની પાસેથી ભાવ મંગાવવામાં આવે છે.

૧) આપના ભાવપત્રક (ઓફર) આ સરનામે મોકલો, અમૂલફેડ ડેરી ( અ યુનીટ ઓફ જી.સી.એમ.એમ.એફ.લી)
પ્લોટ નં. ૩૫, ઈન્દિરા બ્રીજ નજીક, પોસ્ટ : ભાટ ગામ,
અમદાવાદ - ગાંધીનગર હાઇવે, જી. : ગાંધીનગર, પીનકોડ : ૩૮૨ ૪૨૮

૨) આપની ઓફર સીલબંધ કવરમાં મોકલો. કવર પર એમડીજી: પીયુઆર: એઆરઆર: ઇએનકયુ: ૦૨૨ લખેલું હોવું જોઇએ. આપની ઓફર ટપાલ ધ્વારા અથવા કુરીયર ધ્વારા મોકલવી, ફેકસ થી નહી.

૩) **આપની ઓફર તારીખ ૨૧/૦૯/૨૦૧૮ પહેલા મળી જવી જોઇએ.** આ તારીખ પછી મળેલ ઓફર ગણત્રીમાં લેવામાં આવશે નહી. **આપના ઇચ્છિત વેચાણભાવ આ સાથે જાડેલ ભાવપત્રકમાં જ લખીને મોકલો.** આપના વેચાણભાવ અમૂલફેડ ડેરી પ્લાન્ટ સુધી પહોચાડવાના હોવા જોઇએ.

૪) આપના ધ્વારા આપવામાં આવેલ ભાવ વાર્ષિક કોન્ટ્રાકટ માટે હોવા જોઇએ. જો આપને કોન્ટ્રાકટ આપવામાં આવશે તો આપે આપના ધ્વારા આપવામાં આવેલ ભાવ મુજબ આખા વર્ષ દરમ્યાન શાકભાજીનો જથ્થો પહેંચાડવાનો રહેશે.

૫) વાર્ષિક કોન્ટ્રાકટ દરમ્યાન ભાવમાં કોઇ જ વધારો આપવામાં આવશે નહી.

૬) શાકભાજીનો જથ્થો પહેંચાડવા અંગે આપને અમૂલફેડ ડેરીના અધિકૃત અધિકારી ધ્વારા વખતો-વખત સુચના આપવામાં આવશે.અને સુચના મુજબ જણાવેલ સમયે અને જણાવેલ જથ્થામાં આપે શાકભાજી અમૂલફેડ ડેરી સુધી પહોચાડવાનું રહેશે.

૭) <u>આપના ધ્વારા પહોચાડવામાં આવેલ શાકભાજીના જથ્થામાંથી અમૂલફેડ ડેરીના અધિકૃત અધિકારીને યોગ્ય લાગે તેટલો જથ્થોજ ગણત્રીમાં લેવામાં આવશે.</u> આપના ધ્વારા પહેંચાડવામાં આવેલ શાકભાજીના જથ્થો માટે આપે મહિનાનાં અંતે માસિક બીલ મુકવાનું રહેશે. બીલ મલ્યાનાં ૩૦ દિવસમાં બીલની ચૂકવણી કરવામાં આવશે.

૮) જો આપને જણાવેલ સમયે શાકભાજીનો જથ્થો પહેંચાડવા નિષ્ફળ રહેશો અને જો અમારે શાકભાજીનો જથ્થો બીજા વેપારી પાસેથી લેવો પડશે તો ખરીદ-કિંમત નો ફેરફાર આપના બીલમાંથી કપાત લેવામાં આવશે. આ ઉપરાંત શાકભાજીનો જથ્થો બીજેથી લેવામાં થયેલ ખર્ચ પણ આપની પાસેથી વસુલ કરવામાં આવશે.

૯) અમૂલફેડ ડેરી ઓછા ભાવની ઓફર સ્વીકારવા માટે બંધનકર્તા નથી. કોઇ એક/ બધીજ ઓફર સ્વીકારવાનો કે નકારવાનો હકક અમૂલફેડ ડેરી અબાધિત રાખે છે. જે ઓફરો અધુરી હશે અથવાતો અહીયા જણાવેલ શરતોને આધીન/ બંધનકર્તા નહી હોય તેવી ઓફરો ગણત્રીમાં લેવામાં આવશે નહી..

અમો આઇ.એસ.ઓ. ૯૦૦૧:૨૦૦૮, ૧૪૦૦૧:૨૦૦૫ અને ૨૨૦૦૦:૨૦૦૬ માન્ય સંસ્થા છીએ. અમો અમારી સંસ્થામાં પર્યાવરણને અનુકૂળ ઉત્પાદન પ્રક્રિયાને અનુસરીએ છીએ અને આપની પાસે પણ એ જ અપેક્ષા રાખીએ છીએ.

આભાર સહ,
આપનો વિશ્વાસું

અમૂલફેડ ડેરી વતી,
ખરીદ વિભાગ , બિડાણ: ભાવપત્રક

AmulFed Dairy
A UNIT OF GUJARAT CO-OPERATIVE MILK MARKETING FEDERATION LIMITED
(PREVIOUSLY KNOWN AS MOTHER DAIRY, GANDHINAGAR)

## ભાવપત્રક

એ.એફ.ડી: પીયુઆર: એઆરઆર: ઇએનક્યુ: ૦૨૨

પ્રતિ,
જનરલ મેનેજર શ્રી,
અમૂલફેડ ડેરી, ભાટ.

અમે આપની પરચેઝ ઇન્કવાયરીની શરતો વાંચી અને સમજી છે. અમે આપની પરચેઝ ઇન્કવાયરીની શરતોને આધીન/ બંધનકર્તા રહી અમારો ભાવ નીચે મુજબ આપીએ છીએ:

| ક્રમ નં. | ચીજવસ્તુ નું નામ | સરેરાશ **માસિક** જથ્થો (કિલોગ્રામ) | ભાવ (રૂા. પ્રતિ કિલોગ્રામ) |
|---|---|---|---|
| ૧ | લીલાં મરચાં (કેપ્સીકમ) _ Green Capsicum | ૨૦૦૦ | |
| ૨ | લાલ મરચાં (કેપ્સીકમ) – Red capsicum | ૯૦૦ | |
| ૩ | મકાઇ દાણાં _ sweet corn | ૨૦૦ | |
| ૪ | ડુંગળી :- onion | ૨૦૦ | |
| ૫ | બટાકા _ Potato | ૭૦૦ | |
| ૬ | સાદા લીલાં મરચા _ Green chilly | ૫૦ | |
| ૭ | ધાણાં _ Coriander | ૫૦ | |
| ૮ | ટામેટા _Tomato | ૧૦૦ | |
| ૯ | ફૂલાવર-cauliflower | ૧૦૦ | |
| ૧૦ | કોબીઝ-cabbage | ૧૦૦ | |

**નોંધ: ઉપરોક્ત જણાવેલ સરેરાશ માસિક જથ્થામાં ૧૫% ની વધઘટ થઇ શકે છે.**

કંપની નું નામ

અધિકૃત વ્યકિત/ માલિક નું નામ

સહી અને સિકકો

સરનામું

ફોન નંબર

તારીખ